# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

PGVCL
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડલ જી કે જનરલ હોસ્પિટલલ સામેલભુજ
ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૨ / 61 તારીખ: 27/9/22

રજી. એ. ડી. દ્વારા
પ્રતિશ્રી,
શ્રી વાય. કે. કુંડારીયા,
૨૫૮, સરદાર પટેલ નગર – ૨,
ત્રિમંદિર સામે, તા- ભુજ –કચ્છ.

વિષય :-કેસ નંબર પીજી ૦૨/૦૦૧/૨૦૨૨-૨૩
સંદર્ભ :- આપની અરજીનોંધણી નં. પીજી૦૨/૦૦૧/૨૦૨૨-૨૩

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ.ભૂજ.

બિડાણ-ઉપર મુજબ
(૧) કાર્યપાલક ઈજનેર,પીજીવીસીએલ,વિભાગીય કચેરી, ભુજ
(૨)નાયબ ઈજનેર,પીજીવીસીએલ,ગ્રામ્ય વિભાગીય કચેરી, ભુજ

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ(ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, ભુજ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન નંબર ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ ૦૨૮૩૨-૨૫૦૦૪૮
Email- forumbhuj.pgvcl@gebmail.com

નં.કેસી/સીજીઆરએફ/૨૦૨૨

તા. / /૨૦૨૨

૨૦૦૩ ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-02-01-2022-23

શ્રી વાય.કે કુંડારીયા
૨૫૮,સરદાર પટેલ નગર-૨
ત્રિમંદિર સામે, તા-ભુજ-કચ્છ................અરજદાર.

વિરુધ્ધ

કાર્યપાલક ઈજનેરશ્રી.પીજીવીસીએલ વિભાગીય કચેરી
ભુજ -કચ્છ...........સામાવાળા.

બાબત:- વીજ ફોલ્ટ નિવારવા અંગે...

અરજદાર તરફે :- જાતે
સામેવાળાના તરફે :-શ્રીજે.એમ. કષ્ટા (કાર્યપાલક ઈજનેર)
પીજીવીસીએલ વિભાગીય કચેરી, ભુજ.

કોરમ: (૧) શ્રી એન.સી.મકવાણા - ચેરપર્સન
(૨) શ્રી આર.જી.કુંપાવત – સ્વતંત્ર મેમ્બર
(૩) શ્રી પી.સી.કાલરીયા – મેમ્બર ટેક

સુનાવણી સ્થળ:- કોન્ફરન્સ હોલ. પીજીવીસીએલ વર્તુળ કચેરી, ભુજ

તા.: ૦૧/૦૯/૨૦૨૨

## ઠરાવ

૧. આ કામના અરજદારની અરજીની હકીકત એવી છે કે તેઓ ભુજ ગ્રામ્ય પેટાવિભાગ કચેરી હેઠળ આવેલ વિસ્તાર સરદાર પટેલ નગર ત્રિમંદિર સામે ગ્રાહક નં. ૩૮૮૭૯/૧૦૨૪૭/૮ થી વીજ કનેક્શન ધરાવે છે. હાલ, છેલ્લા એક વર્ષ થી એમની સોસાયટીના લોકોને પીજીવીસીએલ દ્વારા નિયમિત વીજ પુરવઠો મળતો નથી.અમે અમારા રહેઠાણમાં છેલ્લા ઘણાં મહિનાઓ થી દરરોજ ૧૦ થી ૧૫ વખત વીજ પુરવઠો ખોરવાઈ જાય છે. અને જે ઉનાળાની સીઝનમાં ક્યારેક એક.દિવસના ૨૦ થી ૨૫ વખત ટ્રીપીંગ આવતા હોય છે. જે વિદ્યુત ગુણવતાની દ્રષ્ટિએ યોગ્ય ન ગણાય સદર ટ્રીપીંગ બાબતે તેમણે કાર્યપાલક ઈજનેર. વિભાગીય કચેરી ભુજ અને પેટાવીભાગીય કચેરી ગ્રામ્ય ને વારંવાર રજૂઆત કરેલ છે, પરંતુ યોગ્ય નિરાકરણ આવેલ નથી.

એમનું કનેક્શન ૧૧ કે.વી.રતિયા જેજીવાય ફીડર ૬૬ કે.વી. સુખપર સબ સ્ટેશનમાંથી નીકળીને સુખપર રતિયા બાઉખા વગેરે જેવા ઘણા ગામો માંથી પસાર થાય છે. સદર ફીડરની સર્કિટ લંબાઈ અંદાજે ૪૫ થી ૫૦ કી.મી.જેવી થવા પામે છે, આજ ફીડરની સમાંતર બીજો એજી ફીડર દંતેશ્વર પસાર થાય છે જેમની લંબાઈ ૪૦ થી ૫૦ કી.મી. છે. બન્ને ફીડરો ઝાડી ઝાંખરામાંથી પસાર થાય છે અને એક બીજાને થતાં રોડ ક્રોસિંગ કરે છે.પરંતુ કોઈપણ જગ્યાએ ABC કેબલ કે ક્રોસિંગ યોગ્ય રીતે વાપરવામાં આવેલ નથી. આથી, જ્યારે એક ફીડર બંધ થાય ત્યારે બીજો ફીડર બંધ કરવાની જરૂરિયાત રહે છે જો બન્ને ફીડરો વચ્ચેનાં ખુલ્લા ક્રોસીંગ દુર કરવામાં આવે તો ફીડર ટ્રીપીંગ ઓછા આવે.

વધુમાં, રતિયા ફીડર લાંબો હોવાથી અને એમાં ઘણા ગામો આવતા હોવાથી તેમનું યોગ્ય સમારકામ GERC supply code 2015 થતા CEA safety regulation 2010 અનુસાર થાય એ આવશ્યક છે. અને પીજીવીસીએલ દ્વારાયોગ્ય ફોલ્ટ નિવારણ યોગ્ય દિશા નિર્દેશ કરવા નામદાર તકરાર નિવારણ ફોર્મની મારી અરજ છે.

૨. આ કામના સામાવાળા પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. કચેરી તરફેની રજુઆત એવી છે કે અરજદાર શ્રી વાય.કે.કુંડારિયાના ૧૧ કે.વી.રતિયા જેજીવાય ફીડરના ટ્રીપીંગ થવા અંગે ની વિગત નીચે મુજબ છે .

૧૧ કે.વી.જેજીવાય ફીડર તેમજ દંતેશ્વર એજી ફીડર સાથે ના હાલમાં ૩૩ લાઈન ક્રોસિંગ એબીસી કેબલ થ દુર કરવામાં આવશે જેના લીધે દંતેશ્વર એજીના કામ માટે રતિયા જેજીવાય બંધ ન થાય. તેમજ રતિયા જેજીવાય માં મેન્ટેનન્સ તા.૦૯/૧૦/૨૦૨૧,૧૨/૦૨/૨૦૨૨,૨૩/૦૪/૨૦૨૨,અને ૧૩/૦૮/૨૦૨૨નાં રોજ કરેલ છે.

પીજીવીસીએલમાં જે પણ મટીરીયલ વપરાય તે આઈ.એસ.સ્પેસીફીકેશન મુજબનું જ વપરાય છે. તેમજ ઉપરોક્ત તારીખમાં ટ્રી-કટિંગ, લાઈન વાયરોનું યોગ્ય બાઈન્ડીંગ, ખરાબ થયેલ પીન તથા ડીસ ઇન્સુલેટર બદલાવેલ છે.આમ,ઉપરોક્ત તારીખમાં મેન્ટેનન્સ કરેલ છે જેમાં વીજ સમારકામ યોગ્ય રીતે જ કરવામાં આવેલ છે.

વીજ ફીડરોનું સમયસર કરવામાં આવતું જ હોય છે ફિક્સ ચાર્જ તથા અન્ય ચાર્જીસ નીતિવિષયક છે.

રતિયા જેજીવાય ફીડર અંતર્ગત ફોલ્ટ નિવારણ તાત્કાલિક થાય તેના માટે ગામડાઓમાં ઇલેક્ટ્રીક આસીસ્ટન્ટ તરીકે નિમણુંક કરેલ છે. તેમજ રાત્રીના સમયમાં એક ટીમ વીજ સમસ્યા નિવારણ માટે ફરજમાં હોય છે.

સદર ફોલ્ટના પ્રકાર તેમજ શું સમારકામ કરવામાં આવેલ છે તે તમામ વિગતો સુખપર સબ સ્ટેશનમાં રજીસ્ટરમાં રોજ નોંધવામાં આવે છે.

વધુમાં, રતિયા જેજીવાય ફીડરનું વિભાજન સુખપર સબ સ્ટેશન માંથી કરવા માટે ની પ્રક્રિયા હાથ ધરેલ છે . જેની મંજુરી આવતા સરદારનગર ,અક્ષર રેસીડેન્સી તેમજ નવીન ડેવલપમેન્ટ સોસાયટીઓને આવરી લેવામાં આવશે.

બન્ને પક્ષકારોની ઉપરોક્ત રજૂઆત જોતા સદર ફરિયાદનો ઉદભવ સદરહુ અરજદાર અને એમની સોસાયટીનાં રહીશો ને છેલ્લા એક વર્ષ થી નિયમિત વીજ પુરવઠો મળતો નથી અને છેલ્લા ઘણા સમયથી દીવસમાં ૧૦ થી ૧૫ વખત ટ્રીપીંગ અને ઉનાળામાં ૨૦ થી ૨૫ વખત ટ્રીપીંગ આવતા હોય છે એ બાબતની છે.

સદરહુ અરજદારે ભુજ ફોરમમાં તા.૨૭/૦૬/૨૨નાં રોજ અરજી કર્યા બાદ પણ આજદીન સુધી વીજ-સ્થાપન ખાતે વીજ ગુણવતામાં સુધારો શક્ય બનેલ નથી. તા.૦૨/૦૭/૨૦૨૨નાં રોજ રાત્રીના આશરે ૯ : ૩૦વાગ્યે અરજદારની સોસાયટીના બધા ઘરોમાં ન્યુટલ વાયરમાં પાવર (વોલ્ટેજ) આવેલ જેના કારણે પંખાની સ્વીચ બંધ હોવા છતાં ન્યુટલમાં વોલ્ટેજ નાકારણે પંખો બળી જવા પામેલ અને Electricity Act 2003 તથા તે અંતર્ગત ઘડાયેલા નિયમો તથા Regulation જેવા કે CEA Safety Regulation-2010 supply code-15,stanered of performance મુજબ વિજસ્થાપનની જાળવણી કરવાની પીજીવીસીએલ ની પ્રાથમિક જવાબદારી છે. જે નિભાવવામાં પીજીવીસીએલ નિષ્ફળ ગયેલ છે.

પીજીવીસીએલતરફથી સદરહુ કનેક્શન રતિયા જેજીવાય ફીડરમાં હોઈ અને નજીકના અર્બન ફીડરમાંથી રેલ્વે ક્રોસિંગને કારણે પાવર સપ્લાય ફેરવી શકાય એમ નથી.એમ રજૂઆત થયેલ. વધુમાં,સદરહુ ફીડર ૪૦ થી ૪૫ કી.મી. લાંબો ફીડર હોવાથી લોડ સેન્ટરમાં નવીન સબ સ્ટેશન રતિયા મધ્યે મંજુર થયેલ હોવાથી રતિયા ફીડરનું વિભાજન થઇ જવાથી લંબાઈ ઘટીને ૫-૬ કી.મી. થઇ જશે જેના લીધે પાવર વિક્ષેપ ફોલ્ટની સમસ્યાનું નિરાકરણ થી જવા પામશે એમ જણાવેલ .

વધુમાં,રતિયા જેજીવાય ફીડર તેમજ દંતેશ્વર એજી ફીડરમાં હાલમાં 33 લાઈન ક્રોસિંગ એબીસી કેબલથી દુર કરવામાં આવશે અને તાજેતરમાં રતિયા ફીડરનું મેન્ટેનન્સ નીચેની તારીખોમાં કરવામાં આવેલ છે.

<u>તા.૦૯/૧૦/૨૦૨૧, ૧૨/૦૨/૨૦૨૨, ૨૩/૦૪/૨૦૨૨, ૧૩/૦૮/૨૦૨૨</u>

વધુમાં,રતિયા ફીડરમાં ફોલ્ટ નિવારણ તાત્કાલીક થાય તેના માટે ગામડાઓમાં ઈલેક્ટ્રીક આસીસ્ટન્ટની નિમણુંક કરેલ છે.

ફરિયાદ નિવારણ ફોરમ પી.જી.વી.સી.એલ. ભુજ

ઉપરોક્ત રતિયા જેજીવાય ફીડરના માસ સપ્ટેમ્બર-૨૦૨૧ થી માસ ઓગસ્ટ-૨૦૨૨સુધીના interruptionના આંકડા નીચે મુજબ છે.

**RATIYA JGY INTRUPTION REPORT FROM SEP-2021 TO AUG-2022**

| Sr. No. | MONTH | Sub Division | Sub Station | Normal TT | SDT | TT | Total | SF Nos. | SF Hrs | ESD Nos. | ESD Hrs. | PSD Nos. | PSD Hrs. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | SEP.21 | Bhuj Rural | SUKHPAR | 139 | 0 | 0 | 139 | 25 | 39:10:00 | 1 | 0:35:00 | 0 | 0:00:00 |
| 2 | OCT.21 | Bhuj Rural | SUKHPAR | 26 | 0 | 0 | 26 | 1 | 3:10:00 | 8 | 1:30:00 | 0 | 0:00:00 |
| 3 | NOV.21 | Bhuj Rural | SUKHPAR | 25 | 0 | 0 | 25 | 2 | 3:40:00 | 10 | 2:00:00 | 6 | 2:35:00 |
| 4 | DEC.21 | Bhuj Rural | SUKHPAR | 21 | 0 | 0 | 21 | 1 | 0:50:00 | 8 | 2:35:00 | 15 | 4:50:00 |
| 5 | JAN.22 | Bhuj Rural | SUKHPAR | 7 | 0 | 0 | 7 | 1 | 0:30:00 | 12 | 16:14:00 | 2 | 0:35:00 |
| 6 | FEB.22 | Bhuj Rural | SUKHPAR | 23 | 0 | 0 | 23 | 0 | 0:00:00 | 5 | 2:30:00 | 5 | 6:00:00 |
| 7 | MAR.22 | Bhuj Rural | SUKHPAR | 12 | 0 | 0 | 12 | 0 | 0:00:00 | 2 | 0:25:00 | 1 | 0:20:00 |
| 8 | APRIL.22 | Bhuj Rural | SUKHPAR | 1 | 0 | 0 | 1 | 0 | 0:00:00 | 1 | 0:15:00 | 0 | 0:00:00 |
| 9 | MAY.22 | Bhuj Rural | SUKHPAR | 11 | 0 | 0 | 11 | 2 | 0:30:00 | 4 | 0:55:00 | 2 | 0:30:00 |
| 10 | JUNE.22 | Bhuj Rural | SUKHPAR | 23 | 0 | 0 | 23 | 1 | 1:00:00 | 15 | 16:50:00 | 0 | 0:00:00 |
| 11 | JULY.22 | Bhuj Rural | SUKHPAR | 25 | 0 | 0 | 25 | 5 | 3:00:00 | 28 | 9:20:00 | 0 | 0:00:00 |
| 12 | AUG.22 | Bhuj Rural | SUKHPAR | 40 | 0 | 0 | 40 | 6 | 3:15:00 | 26 | 16:40:00 | 0 | 0:00:00 |

આમ બન્ને પક્ષકારોની રજૂઆત સાંભળી અત્રેનું ફોરમ નીચે મુજબ નિષ્કર્ષ પર આવે છે કે

**GERC Notification no 9/2005 clause No. 4.1 મુજબ**

લાયસન્સીએ તેમના બધા ગ્રાહકો માટે Standard of performance for power supply of electricity જાળવાનું હોય છે અને તે જાળવવા માટે એમને ભરચક પ્રયાષ કરવાના હોય છે. ઉપરોક્ત કેસમાં પીજીવીસીએલ એટલે કે લાયસન્સી તરફથી આવા કોઈ પ્રયાષ કરવામાં આવેલ નથી.

**GERC Notification no 9/2005 clause no 4.2મુજબ**

લાયસન્સીએ ગ્રાહકની દરેક ફરિયાદ રજીસ્ટર કરવાની રહેશે.પછી તે મૌખીક હોય કે લેખીત પરંતુ સદરહુ કેસમાં પીજીવીસીએલ દ્વારા આવી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય એ રેકર્ડ પરથી ફલિત થતું નથી જેમને કારણે સદરહુ અરજદારને અસંતોષ થયેલ છે.

રતિયા ફીડરના છેલ્લા બાર માસના interruptionના આંકડા જોતા સદરહુ ફીડરમાં દર માસે ટ્રીપીંગ આવેલ છે . આમાં છેલ્લા ચાર માસ એટલે કે માસ મે-૨૦૨૨ થી માસ ઓગષ્ટ-૨૦૨૨ સુધી સતત વધારો થયો જોવા મળે છે. આમ,સદરહુ અરજદારની ફરિયાદમાં તથ્ય રહેલ છે.

પીજીવીસીએલ તરફથી તેમની રજૂઆત અનુસાર રતિયા જેજીવાય ફીડરમાં કરેલ મેન્ટેનન્સ જેવા કે ઝાડની ડાળી કટ કરવી,રી-જંપરીંગ ,ક્રોસિંગ દુર કરવા વગેરે છતાં પાવર સપ્લાયના વિક્ષેપમાં વધારો થયેલ જોવા મળેલ છે.

-: હુકમ:-

મેન્ટેનન્સ કરવાપાત્ર તમામ કાર્યવાહી સામુહીક ધોરણે (માસ મેન્ટેનન્સ) પીજીવીસીએલ એ હુકમ મળ્યાના દિવસ 30 માં કરવાની રહેશે.

અને સદરહું રતીયા ફીડર જેની લંબાઈ ૪૫ થી ૫૦ કી.મી. છે જેના કારણે વીજવિક્ષેપ ની ફરીયાદ છે તે માટે મંજુર થયેલ રતીયા સબ સ્ટેશન ચાર્જ થયેથી ઉંપરોક્ત રતીયા જે.જી.વાય ફીડર તાત્કાલીક વિભાજન કરી આ સમસ્યા નિવારણ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

આમ,અરજદાર અરજી મંજુર કરવામાં આવે છે.
ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.
આ હુકમ આજ તા.૦૧/૦૯/૨૦૨૨ ના રોજ જાહેર કર્યો.

(આર.જી.કુંપાવત)
સ્વતંત્ર મેમ્બર

(પી.સી.કાલરીયા)
મેમ્બર ટેક

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

## ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ.

નોંધ:

(૧) અરજદાર આ હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ- 30 માં વિધ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ સાથે વિધ્યુત લોકપાલમાં રજુઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામાં નં.૦૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તોજ રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમનામાં સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃત્તીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણી સાબીતી રજુ કરી હોય તોજ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલનું સરનામું : વિધ્યુત લોકપાલની કચેરી , જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ. કનક રોડ. ત્રિકોણ બાગ રાજકોટ ૩૬૦૦૦૧

ફરીયાદ નિવારણ ફોરમ પી.જી.વી.સી.એલ. ભુજ કચ્છ